ભાડભૂત બેરેજ યોજનાએ સ્પીડ પકડી

ખેડૂતોની સંમતિથી જમીન સંપાદનને આખરે ગતિ મળી

નર્મદા નદીમાં 21 હજાર મિલિયન ઘનફૂટ ક્ષમતા ધરાવતું મીઠા પાણીનું જળાશય ઊભું થશે

ભરૂચ, અંકલેશ્વર અને દહેજના ઉદ્યોગો માટે પાણી પુરવઠો પહોંચાડી શકાશે

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચઃ નર્મદા નદી પર ભાડભૂત નજીક નિર્માણ પામી રહેલી મહત્ત્વકાંક્ષી ભાડભૂત બેરેજ યોજના હવે વાસ્તવિક અમલીકરણના તબક્કામાં પ્રવેશી છે. અંકલેશ્વર તાલુકાના અસરગ્રસ્ત ગામોમાં ખેડૂતોની સહમતિ સાથે જમીન સંપાદનની પ્રક્રિયા ઝડપી ગતિએ શરૂ થતા પ્રોજેક્ટને નવી ગતિ મળી છે. લાંબા સમયથી અટવાયેલા વળતર અને સંમતિના પ્રશ્નો હવે ઉકેલ તરફ આગળ વધી રહ્યા હોવાનું વહીવટી સૂત્રો જણાવી રહ્યાં છે.

ભાડભૂત બેરેજ માટે જરૂરી જમીન સંપાદન મામલે શરૂઆતમાં ખેડૂતોમાં અનિશ્ચિતતા જોવા મળી હતી. ખાસ કરીને અંકલેશ્વર તાલુકામાં ખાનગી જમીન સંપાદન અટવાયેલું હતું અને માત્ર સરકારી જમીન જ ઉપલબ્ધ બની હતી. પરંતુ સરકારે બજારમૂલ્યને અનુરૂપ વળતર જાહેર કર્યા બાદ સ્થિતિમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર આવ્યો છે. ખેડૂતોને સીધા ભરૂચ કલેક્ટર કચેરી ખાતે બોલાવી દસ્તાવેજી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ધંતુરિયા પંચાયત વિસ્તારમાં બાકી રહેલા ખેડૂતોને સંમતિ એવોર્ડ માટે પુરાવા રજૂ કરવા સૂચના આપવામાં આવી છે. તરિયા ગામના ખેડૂતો સાથે પણ વહીવટી તંત્રે વ્યક્તિગત સંપર્ક સાધી સહમતિ મેળવવાનો પ્રયાસ કર્યો છે. વહીવટી અધિકારીઓ મુજબ "વિવાદ કરતાં સહમતિ આધારિત સંપાદન" મોડેલ અપનાવવાથી પ્રોજેક્ટમાં વિલંબ ઓછો થશે અને સામાજિક વિરોધ ટાળવામાં મદદ મળશે. નર્મદા નદીમાં આશરે 21 હજાર મિલિયન ઘનફૂટ ક્ષમતા ધરાવતું મીઠા પાણીનું જળાશય ઊભું થશે. જેના થકી ભરૂચ, અંકલેશ્વર અને દહેજના ઉદ્યોગો માટે પાણી પુરવઠો પહોંચાડી શકાશે. તો દરિયાની ભરતી દરમિયાન આવતાં ખારા પાણીનો પ્રવેશ અટકશે અને ખારી થતી અટકશે. વિશેષજ્ઞોના મત મુજબ છેલ્લાં કેટલાંક વર્ષોથી દરિયા કાંઠા વિસ્તારમાં વધતી ખારાશ ખેતી માટે મોટો પડકાર બની રહી હતી. બેરેજ આ સમસ્યાને લાંબા ગાળે નિયંત્રિત કરી શકે છે. ઉપરાંત બેરેજ ઉપર નિર્માણ પામનારો સિક્સ-લેન રોડ બ્રિજ યોજનાનો બીજો સૌથી મહત્ત્વનો ભાગ છે. આ માર્ગ દ્વારા હજીરા, ઓલપાડ, હાંસોટ, દહેજ વચ્ચેનું અંતર આશરે 37 કિલોમીટર ઓછું થશે.

ભરૂચ-અંકલેશ્વર વિસ્તારમાં જમીન

ઔદ્યોગિક વાહન વ્યવહાર ઝડપી બનશે

સમય, ઈંધણ અને લોજિસ્ટિક ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે તેમજ દહેજ અને હજીરા જેવા ઉદ્યોગિક ક્લસ્ટર વચ્ચે સીધી કનેક્ટિવિટીથી દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ મળવાની શક્યતા છે.

ખેડૂતોની સહમતિ સાથે શરૂ થયેલું જમીન સંપાદન ભાડભૂત બેરેજ યોજનાને નિર્ણાયક તબક્કે લઈ ગયું છે. જો અમલીકરણ સમયસર અને પારદર્શક રહેશે તો આ યોજના ભરૂચ-અંકલેશ્વર વિસ્તાર માટે પાણી, ખેતી અને ઔદ્યોગિક વિકાસનું ભવિષ્ય નક્કી કરતી ઐતિહાસિક પહેલ સાબિત થઈ શકે.

વેરા માટે પ્રજા સામે કડક કાર્યવાહી પણ ભરૂચ પાલિકા પોતે 'ડિફોલ્ટર'!

ઘરેઘરેથી 1100 લઈને પાલિકા 10 વર્ષથી નર્મદા નિગમનું બિલ ચૂકવતી નથી

ભરૂચ: ભરૂચ શહેરની 2.25 લાખની વસ્તી માટે રોજ 47 કરોડ લીટર પાણી ઠલવાય છે, પણ આ પાણીની સામે પાલિકાએ નર્મદા નિગમના રૂ.159 કરોડના બિલની ચૂકવણી 10 વર્ષથી ચૂકવણાં કર્યાં નથી. આ બાકી બિલનો ભાર હવે શહેરના દરેક નાગરિક પર આર્થિક રીતે પડતો હોય તેમ લાગે છે.

પાલિકા દર વર્ષે મિલકતધારકો પાસે સરેરાશ 1,100 રૂપિયા પાણીવેરો વસૂલે છે, પાણીની વસુલાત ન થાય તો ધારકોને કડક હાથે કાર્યવાહી કરતા હોય છે. પાણીવેરો લોકો પાસે લઇ લીધો છતાં નર્મદા નિગમના રૂ.159 કરોડ બાકી બિલ પડે છે. જે શહેરીજનોને વ્યક્તિદીઠ પર આશરે 7,000 રૂપિયાનું દેવું ફરી વળ્યું છે. એટલે કે, નાગરિકો પાસેથી વસૂલાયેલો પાણીવેરો ક્યાં ખર્ચાય છે, તે એક વેધક પ્રશ્ન છે.

જૂન-2016થી જાન્યુઆરી-2026 સુધીના 10 વર્ષના સમયગાળાનું બિલ પાલિકાએ એકસાથે ચૂકવવાનું બાકી રાખ્યું છે. નર્મદા નિગમ તરફથી વારંવાર પત્રો લખવામાં આવ્યા, છતાં પાલિકા "નાદારી" જાહેર કરતી હોય તેમ બિલ ભરવાનું ટાળી રહી છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે, પાલિકા દર વર્ષે પાણીવેરા પેટે 10 કરોડથી વધુની આવક મેળવે છે, છતાં પણ નર્મદા નિગમનું બિલ ન ભરીને અભરાઈએ ચઢાવી દેતી હોય છે.

2007માં 10 વર્ષનો કરાર થયો હતો, જે 2017માં પૂરો થયો પણ ક્યારેય રિન્યુ ન થયો. તાજેતરમાં નર્મદા નિગમે ફરી 159 કરોડની વસૂલાતની કાર્યવાહી શરૂ કરી છે. જો નિગમે કડક વલણ અપનાવીને અમલેશ્વર બ્રાંચ કેનાલમાંથી પાણીનો જથ્થો અટકાવ્યો, તો ભરૂચમાં પાણીની ગંભીર કટોકટી ઊભી થઈ શકે છે.

અત્રે નોંધનીય છે કે, અગાઉ પાલિકાએ ડીજીવીસીએલનું વીજ બિલ ન ભરી શકતાં સરકાર પાસેથી 9 કરોડની લોન લઈને બિલ ભર્યું હતું. એક વખત તો પાલિકા કચેરીનું જ વીજજોડાણ કાપી નાંખવામાં આવ્યું હતું.

આરટીઆઈ કાર્યકર્તા બીપીન જગદીશવાલાએ જણાવ્યું હતું કે, "10 કરોડનો પાણીવેરો ઉઘરાવતી પાલિકાના પૈસા ક્યાં જાય છે, તે સવાલ છે."

સુંદરતાને ઝાંખપ: ભરૂચના રતન તળાવમાં હજારો માછલીનાં મોત

ભારે દુર્ગંધને કારણે રોગચાળો ફેલાવાની ભીતિ

ભરૂચ: ભરૂચ શહેરના ઐતિહાસિક રતન તળાવમાં બ્યુટિફિકેશનના કામ દરમિયાન એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. તળાવમાં હજારો માછલીઓનાં રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યાં છે, જેથી વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ ગઈ છે અને રોગચાળાની ભીતિ સેવાઈ રહી છે.

તળાવની સપાટી પર મૃત માછલીઓ તરતી જોવા મળી રહી છે. સ્થાનિકોએ આશંકા વ્યક્ત કરી છે કે વિકાસના કામ માટે તળાવમાં કરવામાં આવતી ખોદકામ કે અન્ય પ્રક્રિયાઓને કારણે પાણીની ગુણવત્તામાં ફેરફાર થયો હોય અથવા તેમાં ઝેરી તત્ત્વો ભળ્યાં હોય. ઓક્સિજનના પ્રમાણમાં ઘટાડો કે પાણી દૂષિત થવું એ મૃત્યુનાં કારણો હોઈ શકે છે, જેની તપાસ જરૂરી છે.

સ્થાનિક નગરજન શ્રદ્ધાબેન વસાવાએ જણાવ્યું, "મૃત માછલીઓની દુર્ગંધ એટલી તીવ્ર છે કે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે.

નાનાં બાળકો અને વૃદ્ધો માટે આ વાતાવરણ જોખમી છે. તંત્રએ તાત્કાલિક મૃત માછલીઓને દૂર કરીને પાણીની સફાઈ કરવી જોઈએ, અન્યથા રોગચાળો ફાટી નીકળી શકે છે."

વહીવટી તંત્ર દ્વારા હજુ સુધી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી. જો કે, સ્થાનિકોએ કડક તપાસ અને તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે. આ ઘટનાએ વિકાસની કામગીરી દરમિયાન પર્યાવરણીય સંતુલન જાળવવાના પ્રશ્નને વધુ ગંભીર બનાવી દીધો છે.

ગણેશ સુગરે શેરડીના રૂ.3101 ભાવ જાહેર કરતાં ખેડૂતો ખુશ

કસ્ટોડિયન કમિટીએ સંસ્થા અને સભાસદોના હિતમાં નિર્ણય લીધો

ભરૂચ: વટારિયા ગામે ગણેશ સુગર ફેક્ટરીએ આ વર્ષે શેરડીના ટન દીઠ રૂ.3101નો ભાવ જાહેર કરતાં શેરડી ઉત્પાદક ખેડૂતોમાં ભારે આનંદની લાગણી વ્યાપી ગઈ છે. ફેક્ટરીએ વિકાસ ફંડ માટે રૂ.31 પ્રતિ ટન કપાત કરી છે. છ દિવસના અંતરાલ બાદ સોમવારે ફેક્ટરી દ્વારા આ આશ્ચર્યજનક ભાવની જાહેરાત કરવામાં આવતાં જ ખેડૂતોમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. ફેક્ટરીના સંચાલન માટે રચાયેલી કસ્ટોડિયન કમિટીએ આ નિર્ણય સંસ્થા અને સભાસદોના સંયુક્ત હિતમાં લીધો છે.

આ અંગે માહિતી આપતાં સુગરના કસ્ટોડિયન ચેરમેન મહેન્દ્રસિંહ મહીડા, વાલિયા એપીએમસીના ચેરમેન યોગેન્દ્રસિંહ મહીડા, ભરૂચ ડિ.કો.ઓ.બેન્કના ડિરેક્ટર ભાર્તેન્દ્રસિંહ વાંસદિયા, કસ્ટોડિયન સભ્ય હરેન્દ્રસિંહ ખેર, એપીએમસી સભ્ય ભૂપતસિંહ માંગરોલા, દિલીપસિંહ મહીડા, ફેક્ટરીના પૂર્વ ડિરેક્ટર ઈશ્વરસિંહ ખેર, કનકસિંહ કોસાડા, ખેડૂત આગેવાન સુરેન્દ્રસિંહ મહીડા, ભારતસિંહ ખેર, કિશોરસિંહ સુણવા, દિગ્વિજયસિંહ પીલુદરીયા અને સહકાર ભારતીના તાલુકા પ્રમુખ ધર્મેશ ભટ્ટ સહિતના અગ્રણીઓએ સોમવારે બેઠક યોજીને આ ભાવ નક્કી કર્યા હતા.

કસ્ટોડિયન ચેરમેન મહેન્દ્રસિંહ મહીડા અને વર્ષોથી નર્મદા સુગરના ડિરેક્ટર તેમજ વાલિયા એપીએમસીના ચેરમેન યોગેન્દ્રસિંહ મહીડાએ જણાવ્યું હતું કે, "આ વખતે 18 હજાર સભાસદો અને સંસ્થાના હિતમાં મનોમંથન કરીને રૂ.3101 પ્રતિ ટનનો ભાવ નક્કી કરવામાં આવ્યો છે.

અમે સૌ મળીને આ વિસ્તારમાં સુગર ફેક્ટરીને શેરડીનો પુરવઠો સુનિશ્ચિત કરીને સંસ્થાને બચાવવાના ભરપૂર પ્રયાસો કરીશું." આ પહેલીવાર છે જ્યારે વાલિયા તાલુકાના તમામ સહકારી મંડળીઓના આગેવાનો એક થઈને સંસ્થા અને સભાસદોના હિતમાં આગળ વધવાની લાગણી વ્યક્ત કરી છે. આ નિર્ણયથી વિસ્તારના શેરડી ખેડૂતોમાં નવી આશા અને ઉત્સાહનો સંચાર થયો છે.

સંક્ષિપ્ત સમાચાર

દારૂના ગુનામાં ફરાર આરોપી સોનગઢથી ઝડપાયો

સોનગઢ: તાપી એલ.સી.બી. પોલીસ ઇન્સ્પેક્ટર ડી.એસ.ગોહિલના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડની ટીમ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એ.એસ.આઈ. ગણપતભાઈ ઈશ્વરભાઈ અને અ.હે.કો. વિનોદભાઈ પ્રતાપભાઈએ બાતમીના આધારે કાર્યવાહી કરી હતી. પોલીસને મળેલી બાતમી મુજબ સોનગઢ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન એક્ટની ગુનામાં વોન્ટેડ આરોપી અક્ષય ભુલજી ગામીત (ઉ.વ.૩૧) (રહે.,નવી દિલ્હી ફળિયું, રાણીઆંબા, તા.સોનગઢ) પસાર થવાનો હતો. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને તા.૫/૪/૨૦૨૬ના રોજ રાત્રે ઇન્દુ ઓવરબ્રિજ પાસેથી આરોપી અક્ષય ગામીતને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીને આગળની વધુ કાર્યવાહી માટે કાકરાપાર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

કારેલીમાં બાઈકે અડફેટે લેતાં એકનું મોત

સાયણ: મૂળ બિહારના મહારાજગંજનો શ્રમિક રાજનકુમાર છિબન સયાની (ઉ.વ.૩૦) હાલમાં સાયણ સુગર ઉપર આવેલી સનરાઇઝ ઇન્ડસ્ટ્રિઝ ગેટ પાસે આવેલી નંદની રેસિડેન્સીની રૂમમાં રહી મજૂરીકામ કરતો હતો. ગત તા.૨૯મી માર્ચના રોજ સવારે ૮:૩૦ કલાકે રાજનકુમાર કારેલી ગામની સીમમાં લક્ષ્મીનગર સોસાયટીની સામેથી રોડ ક્રોસ કરી રહ્યો હતો. એ સમયે રોડ ઉપર પૂરઝડપે દોડતી મો.સા.નં.(યુપી-૪૪, બી.જે-૧૩૦૦)ના અજાણ્યા ચાલકે તેને અડફેટે લીધો હતો. જેથી સર્જાયેલા અકસ્માતમાં રાજનકુમારને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. જ્યારે બાઇક ચાલકને પણ ઇજા થઈ હતી. જો કે, તે સમયે બાઇક ચાલકે ઈજાગ્રસ્ત શ્રમિકનો સારવાર ખર્ચ આપવાની જબાબદારી લેતાં રાજનકુમારને સુરત શહેર ખાતેની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં આઠ દિવસની સારવાર બાદ બિહારી રાજનકુમારનું મોત થયું હતું. આ બાબતે મૃતકના વતનના કનૈયાકુમાર વિશ્વનાથસિંગે ગત તા.૫ એપ્રિલના રોજ અજાણ્યા બાઇક ચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જેતપુરમાં લગ્નપ્રસંગમાં જતી જાનમાં બાઈક સવારે પદયાત્રીને અડફેટે લીધા

રાજપીપળા: ગરુડેશ્વરના જેતપુર ગામ પાસે મોડી રાત્રે પૂરઝડપે આવતા બાઇક સવારે એક પદયાત્રીને પાછળથી ટક્કર મારી ગંભીર ઇજાઓ પહોંચાડી હતી. ઘટનાની વિગત મુજબ ગરુડેશ્વરના ટીમરવાના નિશાળ ફળિયામાં રહેતા ગુરજીભાઈ નરસિંહભાઈ તડવી તેમના સાળા છિડાભાઈ અને અન્ય સંબંધીઓ સાથે કારેલી ગામે લગ્નપ્રસંગમાં ગયા હતા. તા.2 એપ્રિલના રોજ રાત્રિના આશરે સવા બે વાગ્યાના સુમારે, જ્યારે તેઓ કારેલીથી પંચલા ગામે જાન લઈને ચાલતા જઈ રહ્યા હતા, ત્યારે જેતપુર ગામ પાસે પાછળથી આવતી એક બાઇક નં.(GJ 22 L 8733)ના ચાલક જયદીપભાઈ સુરેશભાઈ તડવીએ ગફલતભરી રીતે હંકારી છિડાભાઈને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં છિડાભાઈને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી અને ડાબા પગે ફ્રેક્ચર થયું હતું. ઇજાગ્રસ્તને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે ગરુડેશ્વર સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાંથી વધુ સારવાર માટે રાજપીપળા અને ત્યારબાદ વાઘોડિયાની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. કેવડિયા (એકતાનગર) ટ્રાફિક પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપી બાઇક ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર પ્રકાશકુમાર રતીલાલ વસાવા કરી રહ્યા છે

કડોદરાથી ગુમ બાળક તાતીથૈયાથી મળ્યો

પલસાણા: કડોદરા GIDC પોલીસે સંવેદનશીલતા દાખવી શાંતિનગરથી ગુમ થયેલા ૫ વર્ષના માસૂમ બાળકને ગણતરીના કલાકોમાં શોધી કાઢ્યો છે. પી.આઈ. વી.એ.દેસાઈના માર્ગદર્શન હેઠળ ટીમો બનાવી CCTV ફૂટેજ અને સ્થાનિક પૂછપરછના આધારે તપાસ તેજ કરાઈ હતી. અંતે બાળક તાતીથૈયાથી સહી-સલામત મળી આવતાં પોલીસે તેને પરિવારને સોંપ્યો હતો. પોલીસની આ ત્વરિત કામગીરીથી પરિવારે હાશકારો અનુભવ્યો અને પોલીસનો આભાર માન્યો હતો.

કોસંબા નજીકથી છોટા ઉદેપુરની યુવતી ગુમ

હથોડા: છોટા ઉદ્યપુરની વતની અને હાલમાં ધામણોદ ખાતે રેસિડેન્સીમાં રહેતી 25 વર્ષની યુવતી આશાબેન અરવિંદભાઈ રાઠવા ઘરેથી કોઈને પણ જાણ કર્યા વિના ક્યાંક ચાલી નીકળી હતી. શોધખોળ કરવા છતાં પત્તો નહીં લાગતાં કોસંબા પોલીસને જાણ કરાતાં પોલીસે શોધખોળ શરૂ કરી છે.

સોનગઢ પાલિકામાં ભ્રષ્ટાચારના પ્રશ્નો સામે ચીફ ઓફિસર અકળાયા

ઓડિયો-રેકોર્ડિંગ વાયરલ થતાં સમગ્ર જિલ્લામાં ફિટકાર વરસી

સોનગઢ: સોનગઢ નગરપાલિકામાં ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો વચ્ચે હવે વહીવટી તંત્રના વડા અને ચીફ ઓફિસરના જવાબથી આશ્ચર્ય થયું હતું. બે-ત્રણ દિવસ અગાઉ વિરોધ પક્ષના નગરસેવકો દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજીને પાલિકાના વહીવટમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારના પુરાવા સાથે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ મામલે જ્યારે સત્ય જાણવા માટે ચીફ ઓફિસર સહદેવ વનારનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે માથાકૂટ થયાનું સામે આવ્યું હતું.

ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે પત્રકારો દ્વારા ટેલિફોનિક સંપર્ક સાધવામાં આવતાં ચીફ ઓફિસર અકળાઈ ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે, તમને બે-ચાર લોકોને જ તકલીફ છે. મારે જ્યાં જવાબ આપવો હશે ત્યાં આપીશ અને તમારે જે તોડવું હોય તે તોડી લો, જે લખવું હોય તે લખવાની છૂટ છે. એક સરકારી અધિકારી દ્વારા આ પ્રકારના જવાબનો વિડીયો વાયરલ થતાં સોનગઢ સહિત સમગ્ર તાપી જિલ્લામાં લોકમુખે ફિટકાર વરસી રહ્યો છે.

ભરૂચ સબજેલમાં બાથરૂમની બારી પરથી 4 મોબાઈલ મળ્યા

જેલર દેવસી કરંગીયાની ફરિયાદના આધારે બી-ડિવિઝન પોલીસે તપાસ તેજ કરી

ભરૂચ: ભરૂચ સબજેલમાં સુરક્ષા વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી ઘટના ફરી એકવાર પ્રકાશમાં આવી છે, જેમાં જેલની અંદરથી પ્રતિબંધિત ગણાતા 4 મોબાઈલ ફોન અને 3 સીમકાર્ડ મળી આવતા જેલ પ્રશાસનમાં દોડધામ મચી ગઈ છે. આ સમગ્ર મામલે ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના જેલ અને સુધારાત્મક વહીવટ વિભાગના પોલીસ મહાનિર્દેશકની મૌખિક સૂચના મુજબ ભરૂચ સબજેલમાં ઓચિંતી તપાસ માટે ઝડતી સ્કવોર્ડ ત્રાટકી હતી. જેલર ગ્રુપ-1 ના દેવસી કરંગીયા અને તેમની ટીમ ગત તારીખ 05/04/2021 ના રોજ રાત્રે 22-00 કલાકે જેલના મુખ્ય દરવાજે પહોંચી હતી. ત્યાં વિધિવત એન્ટ્રી કરાવી અને પોતાની અંગ ઝડતી કરાવ્યા બાદ, જેલના ઈન્ચાર્જ અધિક્ષક વી.એમ. ચાવડા અને અન્ય સ્ટાફને સાથે રાખીને રાત્રે 22-05 થી 23-55 કલાક દરમિયાન જેલની વિવિધ બેરેકોમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.

આ તપાસ દરમિયાન સર્કલ-01 માં આવેલી બેરેક નંબર એ/4 માં સ્ટાફને શંકાસ્પદ હિલચાલ જણાતા ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બેરેકની અંદરની ગેલેરીમાં ડાબી બાજુએ આવેલા પ્રથમ બાથરૂમની ઉપરની બારીના સજા પર છુપાવીને રાખવામાં આવેલા 2 એન્ડ્રોઇડ ફોન અને 2 કીપેડ ફોન મળી કુલ 4 મોબાઈલ ફોન બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા. ઝડતી સ્કવોર્ડ દ્વારા આ મોબાઈલ ફોન બાબતે બેરેકમાં રહેલા 33 જેટલા કાચા કામના આરોપીઓની આકરી પૂછપરછ કરવામાં આવી હતી, પરંતુ કોઈ પણ કેદીએ આ મોબાઈલ પોતાના હોવાની કબૂલાત કરી ન હતી. જેલ જેવી સુરક્ષિત ગણાતી જગ્યાએ બાથરૂમની દીવાલ પરથી મોબાઈલ મળી આવતા સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. આ મામલે બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી આ મોબાઈલ જેલની અંદર કેવી રીતે પહોંચ્યા અને તેનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવતો હતો તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જૂના બોરભાઠા બેટમાં મારામારી: બે સામે ગુનો નોંધાયો

અંકલેશ્વર: અંકલેશ્વરના જૂના બોરભાઠા બેટ વિસ્તારમાં આવેલા જનકપુરી ફળિયામાં મારામારીની ઘટના સામે આવી છે. શ્રીરામનગર ફળિયામાં રહેતા અને ખેતી વ્યવસાય કરતા મિકુલ પ્રકાશભાઈ પટેલ (ઉ.વ.27)એ ફરિયાદ નોંધાવી છે કે તા.5/4/2026ના રોજ સાંજે સવા સાત વાગ્યાના અરસામાં તેઓ મિત્ર કિશન મનોજભાઈ પટેલ સાથે જનકપુરી ફળિયામાં જૂના મકાન ખાતે ગયા હતા. દરમિયાન પરિવારજનો સાથે બોલાચાલી થતાં બહાર નીકળ્યા હતા. ત્યારબાદ આરોપી અક્ષય ગણપત પટેલ અને સાગર ચંદુ પટેલ બાઇક પર ત્યાં પહોંચ્યા હતા. આરોપી સાગરે લાકડાથી ફરિયાદીના માથા પર હુમલાનો પ્રયાસ કર્યો હતો. ફરિયાદીને હાથની કોણી પાસે ઈજા પહોંચી હતી. બાદ બંને આરોપીએ ગાળાગાળી કરી ઢીકાપાટુનો માર માર્યાનો આક્ષેપ છે. ઉપરાંત મિત્ર કિશનને પણ લાકડા વડે માર મારી ઈજા પહોંચાડવામાં આવી હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. અંકલેશ્વર પોલીસે અક્ષય અને સાગર સામે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

નવા કલાદરામાં અંડર પાસ બનાવવા ગ્રામજનોની માંગ

ભરૂચ: કલાદરા ગ્રામ પંચાયતના રહીશોએ સોમવારે કલેક્ટરને રજૂઆત કરી ભરૂચ-દહેજ ફોરલેન રોડ પર નવા કલાદરા ગામે અંડર પાસ બનાવવાની માંગ કરી હતી.

વાગરાના કલાદરા ગામના સ્થાનિકો મોટી સંખ્યામાં સોમવારે ભરૂચ કલેક્ટર કચેરી ખાતે એકત્ર થયા હતા. ગ્રામજનોએ કલેક્ટરને રજૂઆત કરી હતી કે, નવા કલાદરા ગામે આવેલો ભરૂચ-દહેજ ચાર માર્ગીય રોડ બનાવાયો છે, જેમાં નવા કલાદરા ગામ પાસે દહેજ-ભરૂચ ફોરલેન રોડની સમાંતર નવો

ધોરી માર્ગ બનાવાઈ રહ્યો છે. ત્યારે ભેંસલી ગામથી પશ્ચિમ દિશામાં દહેજ તરફ આશરે 3 કિમીના અંતરે ચાર માર્ગ રોડ પર નવા કલાદરા ગામ પાસે અંડરપાસ બનાવવામાં આવે તો ગામના લોકોને ભરૂચ-દહેજ આવવા-જવાની સવલત મળી રહેશે. તેમજ અકસ્માત થવાનો ભય પણ નહીંવત રહેશે.

નવાપુરા અર્બન કો. ઓ. ક્રેડીટ એન્ડ કલ્ચરલ સોસાયટી લી.

"સિદ્ધિ", વાડી ફળીયા પોલીસ ચોકી પાસે, કોટસફીલ મેઈનરોડ, સુરત.

૪૫ મી સામાન્ય સભાની નોટીસ

સોસાયટીના સભાસદોની ૪૫મી સામાન્ય સભા તા.૨૦/૦૬/૨૦૨૬ને શનિવારના રોજ બપોરે ૩-૦૦ કલાકે રંગભવન, જીવનભારતી, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત મુકામે રાખવામાં આવેલ છે. જેમાં સમયસર હાજર રહેવા વિનંતી છે.

વાર્ષિક હિસાબ અને અહેવાલની નકલ સોસાયટીની ઓફિસેથી તા.૩૦/૦૫/૨૦૨૬ પછી ઓફીસ સમય દરમિયાન મેળવી લેવા વિનંતી. સેક્રેટરી/- શશીકાંત પ્રાણજીવનદાસ દાળિયા

નવાપુરા અર્બન કો.ઓ.ક્રેડીટ એન્ડ કલ્ચરલ સોસાયટી લી.

• સામાન્ય સભામાં ઓળખ કાર્ડ સાથે લાવવા વિનંતી.

સોસાયટીના પેટા નિયમ મુજબ ચૂંટણીના નિયમો ૪(૧)(૨) અન્વયે વ્યવસ્થાપક કમિટીના તમામ ૧૨ સભ્યો ફારેગ થયા છે. ચૂંટણી અંગેનો વિગતવાર કાર્યક્રમ

Milano MULTIPLEX

બારડોલી

Dhurandhar The Revenge

11:00am, 12:00pm, 01:00pm, 03:30pm, 04:30pm, 05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333